dakshinayan
દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

Veer Narmad South Gujarat University, Surat

April 2016 | For private circulation only | Vol. 08 - Issue 170

આજના વિદ્યાર્થીને નર્યો પરીક્ષાર્થી બનાવી મૂકવામાં આવ્યો છે. જીવનમાં કહેવાતાં ઉચ્ચસ્થાનોએ પહોંચવા માટે મોટી કૃપા પરીક્ષાદેવીની જોઈએ એ જાતની અત્યારની સમાજરચના હોઈ, વિદ્યાર્થી યેન કેન પ્રકારેણ પરીક્ષાદેવીનો પ્રસાદ પામવા મથે છે. એક પાઠ આવડ્યો તેના પાયા ઉપર બીજા પાઠના શિક્ષણની માંડણી થાય, પરીક્ષણ અને શિક્ષણ જોડાજોડ ચાલુ. આખું વરસ ચાલ્યાં કરે અને વરસને અંતે વિદ્યાર્થી પરિપકવ થઈ ચૂકયો હોય - એવી આપણી કેળવણી પદ્ધતિ નથી. પરીક્ષા વરસને અંતે આવે છે અને એની ઉપર જિંદગી આખીનો આધાર - એટલે પરીક્ષા અંગે તરેહતરેહની ભારે વિકૃતિઓ જન્મે છે.

ઉમાશંકર જોષી

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

પરીક્ષામાં પાસ થવું જરૂરી છે પરંતુ એનાથી ય વધારે જરૂરી છે જીવનમાં પાસ થવું. એમ બને છે કે કદાચ પરીક્ષામાં તમે નાપાસ થાવ અને જીવનમાં પાસ થઈ જાઓ ! આવા તો ગણ્યા ગણાય નહીં ને વીણ્યા વીણાય નહીં એટ-એટલા દાખલાઓ જોવા મળશે. એનાથી ઊલટું-તમે જીવનમાં નાપાસ થાઓ અને મોટામાં મોટી પરીક્ષામાં પાસ થયા હો તો પણ એનો ઝાઝો અર્થ નથી. જીવનમાં પાસ થવા, જીવનને સફળતાના માર્ગે દોરી જવા અને સિધ્ધિના શિખર સુધી પહોંચવા માટે આપણે આપણામાં રહેલી બુધ્ધિ, આપણામાં રહેલા કૌશલ્યના ખજાના સુધી પહોંચી, એને પામવો અત્યંત જરૂરી છે. આપણી સફળતા આપણા પર જ આધારિત છે તેમ આપણી નિષ્ફળતા ય આપણા પર જ આધારિત છે. આપણી નિષ્ફળતાનો દોષ બીજાને આપવો મૂર્ખામી છે. આપણે આપણાંમાંની અપાર શકિતઓને ઓળખી લેવાની છે. જેમ કસ્તૂરી મૃગની નાભિમાં જ હોય છતાં એ બહાર શોધે છે તેવું જ આપણે કરીએ છીએ. નિરાંતે આપણે આપણાં મનનું ચિત્ર સતત જોતા રહેવું જોઈએ. એ ચિત્રના વિવિધ રંગો, એ રંગોથી રચાયેલી વિવિધ ભાતોને ઓળખીએ. તનાવ, આળસ, નિરાશા, ભય, અશાંતિ, લોભ વગેરે કેવી રીતે દૂર કરી શકાય તે શોધવું જોઈએ. એ દૂર થતાં એક જુદી જ ઊર્જાનો આવિર્ભાવ આપણી અંદર થયેલો અનુભવાશો. નબળાઈઓને તાકયા કરવાથી કશું નથી વળતું. એને સમજણપૂર્વક દૂર હડસેલી સબળ થવા માટે આપણે આપણી સાક્ષીમાં જ પ્રતિજ્ઞા કરવી જોઈએ. તક આપણા બારણે આવી ડોરબેલ મારે એની રાહ જોવામાં દિવસો અને વર્ષો વીતાવવાને બદલે આપણે તક ઊભી કરવી જોઈએ. ઊભી કરેલી તકને પરિણામ સુધી પહોંચાડવા માટે અડધા મનથી નહીં પણ સંપૂર્ણ મનથી પરિશ્રમ કરવો જોઈએ. તમે ધારેલા માર્ગ પરથી પસાર થતાં સમસ્યાઓ નહીં જ આવે એવું નથી. પણ યાદ રાખજો કે સમસ્યાઓ પર આપણું પોતાનું નિયંત્રણ આંશિક હોય છે અથવા નથી હોતું. સમસ્યાઓમાંથી શીખીએ અને શકયતાઓ પર ચિંતનમનન કરીએ. જેટ ગતિએ પસાર થતી જીંદગીના તમે પાયલોટ છે તે કયારેય ભૂલતા નહીં. યાદ રાખજો : મૂંઝવણ સાથે દોડવા કરતાં. આત્મવિશ્વાસ સાથે ચાલવું વધુ સારું છે. સૌથી મોટી મુશ્કેલી એ છે કે આપણે મૂંઝવણો, મુશ્કેલીઓ ઉપર ધ્યાન કેન્દ્રીત કરેલું રાખીએ છીએ. ખરેખર તો આપણું ધ્યાન મુશ્કેલીઓના ઉકેલો ઉપર કેન્દ્રીત થયેલું હોવું જોઈએ. ખોટી દિશામાં ગમે તેટલું ચાલીએ તો પણ નિર્ધારિત સ્થાન સુધી પહોંચી શકાતું નથી. કેમ કે નિર્ધારીત સ્થાન જુદું છે અને આપણી દિશા તદન જુદી છે. ત્રસ્ત રહેવાને બદલે શ્રેષ્ઠ પ્રવૃત્તિઓમાં, નિર્ધારીત ધ્યેયમાં વ્યસ્ત રહીએ. સતત આત્મનિરીક્ષણ કરતા રહીએ. બીજાઓની શ્રેષ્ઠ બાબતોને ગ્રહણ કરી નકામી બાબતને ફંગોળી દઈએ. બીજાની ટીકાઓમાં આપણે આપણા જીવનનો બહુમૂલ્ય સમય વેડફી દેતા હોઈએ છીએ. આ જીંદગી ઝિંદાદિલીનું નામ છે. ખૂલીને જીવીએ. મરતાં મરતાં જીવવું વ્યર્થ છે. ભરપૂર જીવીએ. જાત સાથે વાત કરતાં રહીએ અને અંદરના અવાજને સંભાળીએ. બહારના ઘોંઘાટમાં આત્માનો અવાજ દબાઈ દટાઈ ન જાય તેની કાળજી લઈએ. જીવન અનંત છે. જીવનની અનંતતાને પામવાનો પ્રયત્ન પ્રત્યેક વ્યકિતએ કરવો જ જોઈએ. મકકમતાથી પોતાના નિર્ણયને વળગી રહીએ. જાત પર કાબૂ મેળવવા શીખીએ. સંઘર્ષ, તાણ કે દબાણના સમયમાં આપણા પોતાના મનના વલણ ઉપર બહુ મોટો આધાર રહેલો છે. હકારાત્મક અભિગમ જીવનમાં બહુ આવશ્યક છે.

આપણી અંદર પડેલી અગાધ શકિતઓને ઓળખીએ અને રૂ-બ-રૂ થઈએ. જે શ્રેષ્ઠ વિચારો મનના ખૂણામાં જન્મ્યા હોય તે વિચારોને અનુભવમાં બદલી નાંખવાનો પ્રયત્ન અને પુરૂષાર્થ કરીએ. કયારેક કયાંક નકારાત્મક વિચારોના કાંટા વેરાયેલા જોવા મળે તો તેને સાવચેતીપૂર્વક વીણી લઈએ. નકારાત્મકતાનું એક નાનકડું બીજ કે કાંટો વીણવાનો ન રહી જાય તેની કાળજી લઈએ કારણ કે નકારાત્મકતાનું એક બીજ કે કાંટો રહી જશે તો ભવિષ્યમાં એક આખું વટવૃક્ષ બની જશે જેના શૂળ સતત વાગ્યા કરશે. એકાગ્રતા સાથે પરિશ્રમના પારસમણિના સ્પર્શથી અદ્‌ભૂત પરિણામો પ્રાપ્ત થશે. પરિસ્થિતિને તાબે થયા વિના અનુકૂળ પરિસ્થિતિઓ પેદા કરવાનો સંકલ્પ કરશો તો આવતીકાલ તમારી હશે.

બીજાઓની સાથે સતત સરખામણી કરવાની કુટેવ છોડીએ. જીવન આપણું છે. તાપણું પણ આપણું જ હોવું જોઈએ. આપણાં તાપણામાં તપેલી જિંદગી મારી દ્રષ્ટિએ મજા મજા મજા આપે છે ! ઊછી ઉધારની જિંદગી અત્યંત જોખમી અને હાનિકારક હોય છે. પ્રશ્નો આપણા, પ્રયત્નો આપણા, પરિણામ આપણું....... કેમ કે જિંદગી આપણી છે. સહજતાથી પરિણામો સ્વીકારવા માટે પણ છપ્પન ઈંચની છાતી જોઈએ !! અને મનગમતા પરિણામો મેળવવા માટે છાતી છપ્પન ઈંચ કરતાં વધારે જોઈએ !! પોતાની શકિતઓનો મહત્તમ ઉપયોગ કરીને ધારી સફળતા મેળવવા મથતા યુવાન દોસ્તો પ્રત્યે મને સ્હેજ વધારે પક્ષપાત રહયો છે. આંખોમાં સફળતાના સપનાંઓ આંજવાની સાથે ફેફસામાં આત્મવિશ્વાસનો શ્વાસ ભરતાં પણ યુવાનોએ શીખવું પડશે. ધીરજ અને પુરૂષાર્થ થકી જિંદગી કોહીનૂર હીરાની જેમ ઝળહળે તેવી યુવાન દોસ્તોને શુભકામનાઓ.

તા. ૧૫ એપ્રિલ, ૨૦૧૬

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## BTSE







Due to intense focus on industrial development and somewhat casual approach towards waste treatment generated by mostly chemical industries has resulted into ecological imbalance. Maintaining balanced ecosystem is a primary duty and responsibility of industries, Government, academician and society.

After the successful organization of first BTSE in 2014, we are again initiating to pursue the second BTSE in 2016. The focus of this conference is to asses and monitor the factors responsible for the current environmental conditions and to adopt bioremedial approaches as corrective measures to improve the quality of the environment.

More than three hundred participants were registered. Total 105 papers were presented by poster and 47 were presented orally.

Conference was inaugurated by Hon. Vice chancellor Dr. Dakshesh Thakar.

Dr. S.K.Tank and Dr. Reddy were organizing secretary.



## National Seminar




Veer Narmad South Gujarat University, Surat has completed 50 years during this academic year. Therefore, the university is celebrating the academic year 2015-16 as its "Golden Jubilee" year. The Department of Comparative Literature is also going to complete its 25 years in 2016. In connection to this, the Department is also celebrating its "Silver Jubilee" year.

The Department of Comparative Literature of Veer Narmad South Gujarat University, Surat organized two – day National Seminar on "Comparative Literature: Expanding Horizons" from February 13 to 14, 2016 in which about 115 professors, resource persons and 45 students participated. In the seminar hall of the Department of Economics, Dr. Chandra Mohan (General Secretary, CLAI), in his Key-note address, said that this subject is very relevant and very useful in the present global scenario, specially for India because India is a multilingual and multicultural country. He specially focused on "Cultural and Literary Interrelationship among India and Neighbouring Countries." The Vice Chancellor, Dr. Dakshesh Thakar, was the chair person of the inaugural function. He congratulated the Department for holding this National Seminar, specially when the Department is completing its 25 years successfully. He was very much happy and impressed to see the learned speakers invited from different states of India. Dr. Damyanti Parmar, the Head of the Department of Comparative Literature, presented the perspectives of the seminar.

The five books on Comparative Literature, written by Dr. Damyanti Parmar, Dr. Mukesh Vasava, Dr. Jashu Patel, Dr. Chaitanya Desai and Dr. Mahipatsinh Raolji were released by the dignitaries at the inauguration of the seminar. It was a memorable and gratifying moment for the Department and for authors as well.

After the inauguration, the special lecture was delivered by Dr. E. V. Ramkrishnan (Vice President, CLAI) on "Beyond Orientalist and Postcolonical Constructs: Comparative Literature and Translation Studies", under the Chairmanship of Dr. Kalidas Mishra (Retired Professor of the English Department, Sambalpur University, Odisha). Dr. Mahesh Dey introduced both guests and Dr. Chaitanya Desai compered the session.

In the 1st and 2nd sessions of the seminar, Dr. Prasad Brahmbhatt (Retired Professor and Director of Academic Staff College, Ahmedabad), Dr. Param Pathak (Professor, the Department of Gujarati, S. P. University, Vallabh Vidyanagar), Dr. Arjun Chavan (Professor and

Head, the Department of Hindi, Shivaji University, Kolhapur), Dr. Ranjana Argade (Professor and Head, the Department of Hindi, Gujarat University, Ahmedabad) and Dr. Alok Gupta (Dean, Professor of Hindi, Central University, Gandhinagar) tried to evaluate various aspects of Comparative Literature, Comparative Literature and Translation Studies and different perspectives of Comparative Literature. Dr. Ashvin Desai (Former Head, the Department of Comparative Literature, VNSGU, Surat) and Dr. Savita Gaur (Former Head, the Department of Comparative Literature, VNSGU, Surat) served as the chairpersons of these sessions.

In this seminar, ten parallel sessions were held in which more than 77 research papers were presented in various languages like English, Gujarati and Hindi. All these sessions led to scholarly discussions on the study of Comparative Literature from various perspectives. Dr. Mahesh Dey, Dr. Jashu Patel (both from VNSGU, Surat), Dr. Kalidas Mishra (Retired Professor, the Department of English, Sambalpur University, Odisha), Dr. Arjun Chavan (Professor and Head, the Department of Hindi, Shivaji University, Kolhapur), Dr. Ranjana Argade (Professor and Head, Gujarat University, Ahmedabad) and Dr. Param Pathak (Professor, the Department of Gujarati, S. P. University, Vallabh Vidyanagar), Dr. Chaitanya Desai, (M.T.B. Arts College, Surat) and Dr. Vasant Jadav (Retired Professor, Navyug Arts College, Surat) offered their service as the chairpersons in these parallel sessions.

In the Valedictory, Dr. Rakesh Desai (Professor and Head, the Department of English, VNSGU, Surat) and Dr. Jagdish Gurjar (Professor and Head, the Department of Gujarati, VNSGU, Surat) delivered talks on Comparative Literature, with reference to English and Gujarati Literature, Society and Culture. Dr. Jashu Patel offered his services as the compere at Inaugural and Valedictory functions. Other sessions were compered by Dr. Mukesh Vasava and Dr. Falguni Adhvaryu. The Vote of thanks was offered by Dr. Damyanti Parmar. A Glimpse of the Department Souvenir was published on the occasion of this seminar.

Due to the co-operation of Dr. Dakshesh Thakar, the Hon'ble Vice-Chancellor, Dr. J. R. Mehta, the Registrar and the teaching and the administrative staff, the whole seminar has been a great success. Dr. Mukesh Vasava, Dr. Manish Patel, Dr. Falguni Adhvaryu, Dr. Hitendra Patel (Faculty members of the Department), Dr. Chetan Modi,Dr. Chaitany Desai, Dr. Jashu Patel and Dr. Satish Chauhan (former Ph.D. scholars) have worked very hard to offer their services in a dynamic way for the success of the seminar. I also convey my thanks to Dr. Mahesh Dey and Dr. Amit R. Prajapati (from the Department of English) and Dr. Nina Bhavnagari (Retired Professor of M.T.B. Arts College, Surat) for preparing the English drafts for correspondences with the delegates. I specially thank Dr. Vipin Kikani (Retired Professor of Arts College, Kholwad) for preparing the Souvenir of our Department.




As a part of golden jubilee celebration of the Veer Narmad South Gujarat University, Surat, a national seminar on "Role of Statistics in Current Scenario" was organized by the department of statistics, V. N. S. G. University, Surat on 27th March, 2016 under the patron ship of honourable Vice-chancellor Dr. Daxesh Thakar. Prof. R. L. Shindey, Head, Department of Statistics, N. M. University, Jalgaon, was the chief guest and the key note speaker of the seminar. In his key note speech he emphasized on doing projects which benefit to the society and enhance the development. One of the other three speakers of the seminar was Rtd. Prof. D. K. Ghosh, UGC BSR Faculty Fellow, Saurashtra University, Rajkot. He gave an invited talk on "Application of factorial designs for construction of several designs ". The first session of these two talks was chaired by the Rtd. Prof. of the department Prof. R. T. Ratani. Other two speakers were Dr. P. A. Patel, Prof. & Head, Department of Statistics, S. P. University, V. V. Nagar and Dr. M. N. Patel, Professor, Department of Statistics, Gujarat University, Ahmedabad. They gave their talks on "On Variance Estimation for GREG Estimator " and "A Bayesian Approach to the optimal Warranty length for an Exponential Life time Product " respectively. The second session of these two talks was chaired by Rtd. Prof. D. K. Ghosh. Teachers, PG and research students showed very keen interest in the academic event. There were more than 180 registrations for the participation and 36 research papers were presented in four parallel presentation sessions by researchers in the area of O. R., Design of experiments, Sampling theory, Econometrics, SQC, Applied Mathematics, Applied Statistics, Case studies, etc. On behalf of the department, the convener of the seminar, Dr. R. D. Patel and the organizing secretary, Dr. A. J. Rajyaguru, are very much thankful to all the PG students, research students of the department and all the staff members for their whole hearted support for successful organization of the seminar.

This has been a very special year for the department of Statistics, V N S G Uni, Surat, as its two research students, Mr. Sanjaybhai Patel and Mr. Pankaj Parmar, cleared NET in the subject of Population Studies, Mr. Sanjaybhai Patel got first prize for the paper presentation at the national seminar at Rajkot, another research student Ms. Shehnaz Sheikh got Second prize for the paper presentation at the national conference at Bombay and for the first time, since the establishment of the department, the department organized a national seminar which was a grand success.

# કોલેજ ન્યૂઝ

## NAAC



સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત, વી.ટી. ચોકસી બી.એડ્. કોલેજ નેક-રીએક્રિડિટેશનમાં ૩.૧૮ સી.જી.પી.એ. સાથે એ-ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. ઓગષ્ટ-૨૦૧૬માં યોજાયેલા રાજયકક્ષાના AAA ઈસ્પેકશનમાં પણ કોલેજે ૩.૦૫ સી.જી.પી.એ. સાથે એ-ગ્રેડ પ્રાપ્ત કર્યો હતો. ૧૯૬૧માં શરૂ થયેલી આ કોલેજ શહેરની એકમાત્ર ગ્રાન્ટેડ કોલેજ છે જેણે આ પ્રકારની જવલંત સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

## વ્યાખ્યાન

વ્યા શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે તા. ૨૫-૧-૧૬ના રોજ બાયસેગસંધાન કાર્યક્રમ હેઠળ ટેલિવિઝન વ્યાખ્યાન શ્રેણીના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો દ્વારા જાણકારી અંગે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ગાંધીનગરના પ્રતિનિધિઓશ્રી અજીતભાઈ આર. પટેલ તથા શ્રી સંદિપભાઈ એન. ટંડેલની ટીમ દ્વારા સફળતાપૂર્વક મુલાકાત લેવામાં આવી હતી. આ સંધાન કાર્યક્રમ હેઠળ ટેલિવિઝન શ્રેણીના માધ્યમથી જુદા જુદા વિષયો પર નિષ્ણાતો દ્વારા વ્યાખ્યાન પ્રસારિત કરવામાં આવે છે. આ પ્રતિનિધિઓની હાજરીમાં કુલ બેતાળીસ વિદ્યાર્થીઓ પાસે પ્રશ્નાવલીમાં માહિતી ભરાવવામાં આવી હતી જેમાં સંધાન કાર્યક્રમ અંગે વિવિધ પ્રશ્નો પૂછવામાં આવેલ જેનો વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ સંતોષકારક અને સફળતાપૂર્વક ઉત્તર પણ આપવામાં આવ્યા હતા. આ પ્રશ્નાવલી પ્રતિનિધિશ્રીઓને સબમીટ કરવામાં આવી હતી. પ્રા. શ્રી આર.પી. પટેલ અને પ્રા. એમ.જી. પટેલે વિદ્યાર્થીઓને સદર કાર્યક્રમ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

## આરોગ્ય




આ વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં સુરત રકતદાન કેન્દ્રના સંયુકત ઉપક્રમે ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ બી.કોમ. પાર્ટ ૧, ૨ અને ૩ની ૪૪૦ વિદ્યાર્થિનીઓ માટે સિકલ સેલ અને થેલેસેમિયા ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત રકતદાન કેન્દ્રના સભ્યો દ્વારા વિદ્યાર્થિનીઓના લોહીના નમુના થેલેસેમિયાના પરિક્ષણ માટે લેવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. યુનિટના કો-ઓર્ડિનેટર પ્રા. હીના દલાલે કર્યું હતું.

આ ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતમાં તા. ૨૭-૧-૧૬ના રોજ સુરત રકતદાન કેન્દ્ર અને ચાંલ્લાગલી યુવકમંડળ અને લાયન્સ ગૃપ ઓફ ઈન્ટરનેશનલ 'સ્પંદન'ના સંયુકત ઉપક્રમે યોજાયેલ રકતદાન કેમ્પમાં કોલેજ પરિવારે ૬૪ બોટલ રકત એકત્ર કર્યું હતું. જેમાં પ્રિ. બંટી કે. શાહ તેમજ એન.એસ.એસ. કમિટિના સભ્યોનો સંપૂર્ણ સહકાર પ્રાપ્ત થયો હતો.

આ બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડ ખાતે યુથ રેડક્રોસ સોસાયટી અને કોલેજની એન.સી.સી. ના સંયુકત ઉપક્રમે રકતદાન શિબિર યોજાયો. પ્રિ. વિકાસ દેસાઈએ રકતદાનનું મહત્વ સમજાવ્યું હતું અને વિદ્યાર્થીઓને રકતદાન કરવા માટે હાકલ કરી હતી. કોલેજની યુથ રેડક્રોસ સોસાયટીના કન્વીનર ડૉ. એસ.એમ. પટેલે યુથ રેડક્રોસ સોસાયટી દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ અને રકતદાન અંગે વિસ્તૃત માહિતી આપી હતી. એન.સી.સી. ઓફીસર ડૉ. એ.બી. ઠાકોરે રકતદાન કરતા, એન.સી.સી.ના કેડેટ્સને બિરદાવ્યા હતા. કોલેજની યુથ રેડક્રોસ સોસાયટીના સ્વયંસેવકો, કેડેટ્સ અને વિદ્યાર્થીઓએ ૩૮ યુનિટ રકતદાન કર્યું હતું. ડૉ. ટી.જી. ગોહિલના માર્ગદર્શન હેઠળ રકતદાન શિબિરનું સફળ આયોજન, બાયોલોજી વિભાગમાં કરવામાં આવ્યું હતું. રકતદાન શિબિરને સફળ બનાવવા માટે પ્રો. ડી.ડી. પટેલ, ડૉ. એન. કે. ગુપ્તે, ડૉ. આઈ.એન. પટેલ, જી.એસ. કુ. હાર્વી પટેલ તથા કેવીન પટેલે જહેમત ઉઠાવી હતી.

## ઉજવણી

ઉ બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં તા. ૩૦મી જાન્યુઆરીના રોજ મહાત્મા ગાંધીજીની પુણ્યતિથિને ગાંધી નિર્વાણ દિન તરીકે ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત વૈષ્ણવજન પ્રાર્થનાથી થઈ હતી. ત્યારબાદ ગાંધી ગીત તથા ગાંધીજી વિશેના પ્રેરક પ્રસંગો, ગાંધીજીએ કરેલ ઉપવાસની તવારીખ પ્રાધ્યાપકો દ્વારા રજૂ થયા હતા. ગાંધીના દેશમાં વૃદ્ધોની સાર સંભાળ લેવાની જગ્યાએ તેમને માટે વૃદ્ધાશ્રમો જ આશ્રયસ્થાન બનતા સમાજ સામે લાલબત્તી ધરવા તથા તાલીમાર્થીઓ ભવિષ્યમાં સારા સમાજની ભેટ ધરે તે હેતુસર વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. ત્યાં જઈ પ્રાર્થના, ભજનો, ગાંધી ગીતો વગેરે રજૂ કર્યા અને સૌ વૃદ્ધોની વ્યકિતગત મુલાકાત લઈ સૌને શાલ તથા નાસ્તાનું વિતરણ કરી આશિર્વાદ લીધા હતા. ગાંધીજી સ્વચ્છતાના આગ્રહી હોવાથી સમગ્ર કોલેજ પરિવાર દ્વારા કોલેજ ભવન તથા પટાંગણની સાફ-સફાઈ કરવામાં આવી હતી.

ઉ એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાની સ્ટુડન્ટ કાઉન્સિલની સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે ''સંગીત સવાર'' કાર્યક્રમ કોલેજ પટાંગણમાં ઉજવાઈ ગયો. બીલીમોરા જોરાવાસણનાં ''સુર સંગમ'' ઓરકેસ્ટ્રાનાં સથવારે યોજાયેલ સંગીતના આ સ્પર્ધાત્મક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાની ઉર્મિઓને ગીતોના માધ્યમ વડે અભિવ્યકત કરી હતી. સ્પર્ધામાં કુલ-૧૭ વ્યકિતગત ગીતો અને ૭ યુગલ ગીતો રજૂ કરાયા હતા. જેમાં દ્વિતીય ક્રમે ઢીમ્મર રીતેશ એસ. (એફ.વાય.બીકોમ) તથા તૃતિય ક્રમે ભગત રંજન આર. (એફ.વાય.બીકોમ) અને કાચા કૃપા એન. (ટી.વાય.બીકોમ) સંયુકત વિજેતા બન્યા હતા. યુગલગીત સ્પર્ધામાં પ્રથમ ક્રમે દેસાઈ ભૂમિક એ. (ટી.વાય.બીકોમ) અને મિસ્ત્રી નેહા એ. (ટી.વાય.બી.કોમ.)ની જોડી તથા દ્વિતીય ક્રમે જયસ્વાલ શિવ એમ. (ટી.વાય.બી.કોમ.) અને પટેલ

બ્રિજલ એમ. (એસ.વાય.બીકોમ)ની જોડી રહી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી મનોજભાઈ દેસાઈ, શ્રી ઘનેશભાઈ મિસ્ત્રી અને શ્રી બ્રિજેશભાઈ કેવતે સેવા આપી હતી. આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલીએ સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થી સંઘના સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા કામગીરી કરી હતી. સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રા. એન.બી. સોલંકીએ કાર્યક્રમનું સંચાલન પ્રા. વાય. જે. દેસાઈ તથા પ્રા. વી.ટી. રાણાના સહકારથી કર્યું હતું.



વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં વિદ્યાર્થિનીઓ દ્વારા આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ તા. ૪-૧ થી ૯-૧-૧૬ દરમિયાન બીઈંગ હ્યુમન વીક-ડોનેશન વીકનું આયોજન સમાજના ગરીબ, નિરાધાર અને જરૂરીયાતમંદ લોકોને જીવન નિર્વાહ માટે અત્યંત જરૂરી એવી સામગ્રી પૂરી પાડવાના આશયથી કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થિનીઓ તથા સ્ટાફના સભ્યોએ ૮૦૦ બિસ્કીટના પેકેટ્સનું વિતરણ સિવિલ હોસ્પિટલમાં કર્યું હતું. ૧૦૦ નોટબુક અને ૧૯૦ સ્ટેશનરી કીટ્સનું ડોનેશન એસ.એમ.સી. સંચાલિત ચાર વિભિન્ન પ્રાથમિક શાળાઓમાં કર્યું. સ્વેટર અને પ્રસાધન સામગ્રીના કીટ્સનું વિતરણ ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ ખાતે કર્યું. ચીકકી અને લાડુના ૭૦ જેટલા પેકેટ્સ રામનગર સ્થિત ભિક્ષુક સ્વીકાર કેન્દ્રમાં વિતરણ કર્યું હતું. વિદ્યાર્થિનીઓએ સ્વખર્ચે ભેગી કરેલી સામગ્રી વહેંચીને માનવીય મુલ્યો પ્રેરિત આ પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. નંદા બોથરા તથા શ્રી ઘનશ્યામ ભોમાચિયાએ કર્યું હતું.



વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં વિદ્યાર્થિનીઓ દ્વારા આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ પનાસ ગામ સ્થિત આંગનવાડી, વેસુ સ્થિત બાળાશ્રમ અને વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ પ્રાયોગિક કન્યાશાળાના વિદ્યાર્થિનીઓ સાથે ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી હતી. વિદ્યાર્થિનીઓએ સ્વખર્ચે ભેગ કરેલા પતંગ, ચીકકી, તલના લાડુ, વિગેરે વસ્તુઓની વહેચણીની સાથે શાળાના વિદ્યાર્થીઓને 'સેવ બર્ડ'નો સંદેશો પણ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. નંદા બોથરાંએ કર્યું હતું.



વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં વિદ્યાર્થિનીઓ દ્વારા આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ તા. ૫-૧-૧૬ ના રોજ યોજાયેલ લાઈબ્રેરી ડે માં લાયબ્રેરીયન શ્રી શિવાંગ મહેતાએ બી.કોમ પાર્ટ-૧, ૨ અને ૩ની વિદ્યાર્થિનીઓને લાયબ્રેરી અને એમાં ઉપલબ્ધ પુસ્તકો અને સંસાધનો વિષે પ્રેઝન્ટેશન દ્વારા માહિતી પૂરી પાડી હતી. વિદ્યાર્થિનીઓએ પોતાના મનપસંદ પુસ્તકની અને શ્રી શિવાંગ મહેતાએ પણ રશ્મી બન્સલ કૃત "ફોલો એવરી રેઈનબો" પુસ્તકની સમીક્ષા કરી હતી. ઉપરાંત વિદ્યાર્થિનીઓ માટે સરપ્રાઈઝ ગ્રન્થાલય વિષય પર કિવઝ પણ રખાઈ હતી.

૧૫ જાન્યુઆરી સેના દિવસ નિમિત્તે બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડના NCC યુનિટ દ્વારા સવારે દેશભકિત ગીત દ્વારા શરૂઆત કરવામાં આવી હતી. NCC કેડેટસ, પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓએ સવારે શહીદ જવાનો માટે મૌન પાળી, દેશના જવાનો માટે ચેરીટી દ્વારા ૧૦,૦૦૦ જેટલી માતબર રકમ ભેગી કરી આર્મી ડે ની યાદગાર ઉજવણી કરી હતી. આચાર્યશ્રી ડૉ. વિકાસ દેસાઈએ NCC કેડેટસોને પ્રોત્સાહિત કરી, આર્મીમાં જોડાઈને દેશની સેવા કરવા માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ NCC ઓફીસરો ડૉ. અલ્પેશ બી. ઠાકોર અને ડૉ. કલ્પેશ એમ. પટેલ તથા ડૉ. ટી.જી. ગોહિલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો.

## એન.એસ.એસ.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના એન.એસ.એસ. યુનિટ તથા ગ્રામ પંચાયત, વાંગણ (તા. વાંસદા)ના સંયુકત ઉપક્રમે યોજાયેલ રાષ્ટ્રીય સેવા યોજના શિબિરનો સમાપન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમના પ્રારંભે, શિબિરાર્થીઓ દ્વારા પ્રાર્થના તથા એન.એસ.એસ. સોન્ગની રજૂઆત થઈ હતી. પ્રો.ઓ. પ્રા. સોનલબેન વસાવાએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. પૂર્ણાહક પ્રિ. ડૉ. ભારતીબેન પંચોલીએ પૂર્ણાહુતિ વકતવ્યમાં શિબિરાર્થીઓને એન.એસ.એસ. સોન્ગ 'હમ હોંગે કામિયાબ' નો મર્મ સમજાવી, તેમને જીવનમાં આવનારા પડકારો અને સયસ્યાઓનો મકકમતાથી સામનો કરવાની શીખ આપી હતી. શ્રી બારૂકભાઈ ચૌધરી (સભ્યશ્રી, જિ.પં., નવસારી)એ ઉદ્‌બોધનમાં શિબિરાર્થીઓની કામગીરીની મુકતકંઠે પ્રશંસા કરી હતી. શ્રી મનહારભાઈ પંચોલીએ વકતવ્યમાં મહાત્મા ગાંધીજી તેમ જ સ્વાંતત્ર્ય સંગ્રામની પ્રેરક વિગતોને રસપ્રદ રીતે વણી લીધી હતી. આ કાર્યક્રમમાં શ્રી મોહનભાઈ ધૂમ (સરપંચશ્રી, ગ્રામ પંચાયત, વાંગણ) તેમજ શ્રી રૂપજીભાઈ ચૌધરી અને અન્ય મહેમાનો ઉપસ્થિત રહયા હતા. એન.એસ.એસ. લીડર ભાવિનકુમાર પટેલે શિબિર પ્રવૃત્તિનો અહેવાલ રજૂ કર્યો હતો. આ શિબિરમાં નીચે મુંજબની પ્રવૃત્તિઓ થઈ હતી. રસ્તાઓનું રીપેરીંગ-માટીકાંમ, સફાઈ કાર્ય, શૌચાલયોની સફાઈ, પ્રા. આ કેન્દ્ર, માનકુનિયાના સ્ટાફના સથવારે આરોગ્ય પ્રવૃત્તિઓ, સુરતના શ્રી હનિફભાઈ મેમણ દ્વારા રાહતદરે ચશ્મા શિબિર-૬૩ લાભાર્થીઓ, ગામનું સામાજિક-આર્થિક

સર્વેક્ષણ, બૌદ્ધિક વ્યાખ્યાનો, શ્રીમતી પ્રીતિબેન ભાવસાર (યોગ કોઓર્ડિનેટર, ડાંગ જિલ્લો) તેમજ બ્રહ્માકુમારી સાધનાબેન દ્વારા યોગ પ્રાણાયામ શિક્ષણ અને પોઝીટીવ થિન્કીંગ વિષય પર પ્રવચનો, એઈડ્સ જાગૃતિ, જૂજ ડેમની મુલાકાત, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે. પ્રિ. ડૉ. ભારતીબેન એમ. પંચોલી, શ્રી મનહરભાઈ ટી. પંચોલી, પ્રા. ડી.એન. ટંડેલ, પ્રા. યોગ્નિીબેન મિસ્ત્રી, પ્રા. દીપિકાબેન લાડ, શ્રી જયકુમાર વશી, શ્રી મેહુલ નાયક, પ્રા. સનત ભટ્ટ વગેરેએ શિબિરની મુલાકાત લઈ શિબિરાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રો. ઓ. પ્રા. સોનબેન વસાવા, પ્રો.ઓ. પ્રા. યોગેશ દેસાઈ અને શિબરાર્થીઓએ આ શિબરને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. એન.એસ.એસ. લીડર કુ. દક્ષા ચૌધરીએ આભારદર્શન કર્યું હતું અને રાષ્ટ્રગીતના સમૂહગાનથી કાર્યક્રમનું સમાપન થયું હતું.

બી.કે.એમ. સાયન્સ કોલેજ વલસાડના એન.એસ.એસ.નો વાર્ષિક શિબિર ઉચ્ચતર માધ્યમિક શાળા, ભેસદરા તાલુકા-ધરમપુર મુકામે યોજાયો હતો. ઉદ્‌ઘાટન સમારોહમાં મેક્ષીમા સીસ્ટમના એમ.ડી. શ્રી મહેશભાઈ શાહ, સરપંચ શ્રી મંગુભાઈ પટેલ, ઉ.મા. આચાર્યશ્રી કલાબેન ચૌહાણ ઉપસ્થિત રહયા હતા. આચાર્યશ્રી વિકાસભાઈ દેસાઈએ સમારોહ દરમ્યાન સ્વયંસેવકોને શ્રમદાનનું મહત્વ, સેવા, શિસ્તના પાઠો તથા ગ્રામ્યજીવન અંગે માહિતી આપી હતી. આ શિબિરના શ્રમયજ્ઞમાં પર્યાવરણની સાફસફાઈ તથા તેની જાળવણી અંગેની પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. ગામના આદિવાસી ભાઈ-બહેનોને શૌચાલયની સફાઈ તેમજ મતદાન અંગે માહિતી આપી જાગૃત કર્યા હતા. વિવિધ વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામનું સર્વે તેમજ નેત્રયજ્ઞ શિબિરની મુખ્ય પ્રવૃત્તિઓ રહી હતી. નેત્રયજ્ઞ રોટરી આઈ ઈન્સ્ટીટયુટ નવસારીના માર્ગદર્શનમાં ડિસ્ટ્રિકટ બ્લાઈન્ડનેશ કન્ટ્રોલ સોસાયટીના સહયોગથી કરવામાં આવ્યો હતો, જે દરમ્યાન આંખની તપાસ, મોતિયાનું ઓપરેશન તેમજ ચશ્માનું વિતરણ વિનામૂલ્યે થયું હતું. જેનો લાભ ૩૦૫ ગ્રામજનોએ લીધો હતો. પૂર્ણાહુતિ સમારંભમાં શિબિરના શ્રેષ્ઠ સ્વયં સેવકોને આચાર્યશ્રી દ્વારા ઈનામો એનાયત થયા હતા. શિબિરનું આયોજન પ્રોગ્રામ ઓફિસરો પ્રો. રાજેશકુમાર સોલંકી, ડૉ. માધવી દેસાઈ, પ્રો. દિપકભાઈ પટેલ તેમજ પ્રો. પ્રફૂલભાઈ મિસ્ત્રી દ્વારા થયું હતું.



તા. ૩-૧-૧૬ થી તા. ૯-૧-૧૬ દરમિયાન નવયુગ આર્ટસ કોલેજ, સુરતનો વાર્ષિક નિવાસી શિબિરનું આયોજન સુરત જિલ્લાના મહુવા તાલુકાના અનાવલ શુકલેશ્વર મંદિરમાં કરવામાં આવ્યું હતું. આ શિબિરનું ઉદ્‌ઘાટન આચાર્યાશ્રી ડૉ. જયોતિબેન નાયકના પ્રમુખ સ્થાને અને અતિથિ વિશેષ તરીકે મંદિરના ટ્રસ્ટીશ્રી પ્રમોદભાઈ દેસાઈ તથા હાઈસ્કુલના પ્રિ. શ્રી દિપકભાઈ લાડ હાજર રહયા હતા. આ શિબિરમાં બૌદ્ધિક કાર્યક્રમો, શ્રમયજ્ઞ, બેટી બચાવો અને વ્યસન મુકિત માટે રેલીનું આયોજન, હાઈસ્કુલના વિદ્યાર્થીઓ જોડે ચિત્રસ્પર્ધાનું આયોજન, યોગ, સેલ્ફ ડિફેન્સની માહિતી, ગ્રામપંચાયતની મુલાકાત, સ્થળોની મુલાકાત વગેરે પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. તા. ૯-૧-૨૦૧૬ના રોજ શિબિરના સમાપન સમારોહમાં લૉ. કોલેજના પૂર્વ આચાર્ય શ્રી દોલતભાઈ નાયક, નવયુગ સાયન્સ કોલેજના પૂર્વ આચાર્યશ્રી ડૉ. અણખીવાલા અને મંદિરના મંત્રીશ્રી અવિનાશભાઈ દેસાઈ, આચાર્યાશ્રી ડૉ. જયોતિબેન નાયક હાજર રહયા હતા.

તા. ૧૭-૧-૧૬ના રોજ વાપી નગરપાલિકા દ્વારા પોલિયો પ્લસના કાર્યક્રમ અંતર્ગત વાપી નગરમાં વિવિધ પોલિયો બુથ ઉપર બાળકોને પોલિયોના ટીપા પીવડાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાપીના રાષ્ટ્રીય સેવા યોજનાના ૨૯ સ્વયંસેવકોએ કામગીરી બજાવી હતી.



નવયુગ આર્ટસ કોલેજ, સુરતના એન.એસ.એસ. સ્વયંસેવકશ્રી કેમ્પસ એમ્બેસેડર ભાવેશકુમાર એન. પટેલે મતદાર યાદીની સુધારણા-૨૦૧૫ દરમ્યાન "મતદાર કેળવણી અને જાગૃતિ" અંતર્ગત કરેલ ઉત્કૃષ્ટ અને પ્રસંશનીય કામગીરીને બિરદાવી તા. ૨૫-૧-૧૬ના રોજ કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી, સુરત દ્વારા સન્માન કરી પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. ભાવેશ પટેલની આ કામગીરીએ જીલ્લામાં દ્વિતીય ક્રમે સ્થાન મેળવેલ છે.

## કાર્યક્રમ

તા. ૨૬-૧-૧૬ના રોજ સાર્વજનિક એજયુકેશન સોસાયટી આયોજીત "સફાઈ અભિયાન કાર્યક્રમ" ડુમસ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતના એન.એસ.એસ.ના ૪૩ સ્વયંસેવકો અને આચાર્યશ્રી બંટી કે. શાહ, પ્રા. રીના ચૌહાણ, પ્રા. મિતાલી બદામી અને પ્રા. ડૉ. કૃપા ત્રિવેદીએ ભાગ લીધો હતો.



વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં પ્રિ. ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ કોલેજ કેમ્પસમાં જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ વિદ્યાર્થિનીઓએ ઈન્ટરવ્યુ આપ્યા હતા. ઓરીએન્ટેશન કર્યા પછી પર્સનલ ઈન્ટરવ્યું દ્વારા વિદ્યાર્થિનીઓનું સિલેકશન કર્યું હતું. આ ઈન્ટરવ્યુમાં વિવિધ કંપનીઓના એકઝીકયુટીવોએ પાર્ટ ટાઈમ અને ફૂલ ટાઈમ જોબ માટે ઈન્ટવ્યું લીધા હતા. જેમાં વિદ્યાર્થિનીઓને રૂ. ૧૦,૦૦૦/- થી ૧૫,૦૦૦/- સુધીની જોબ ઓફર કરાઈ હતી. તેમજ ઈન્ડિયન બીઝનેસ પેજેસે સ્વ રોજગાર માટે વિદ્યાર્થિનીઓને જોબની તકો આપી હતી. ઈન્ટરવ્યુમાં વિદ્યાર્થિનીઓ ફેકલ્ટી દ્વારા પર્સનલ ઈન્ટરવ્યુની ટ્રેનીંગ તેમજ બાયો ડેટા ફોરમેટ વિષે માહિતી પણ અપાઈ હતી.

- તા. ૨૨-૧૨-૧૫ના રોજ સુરત ટ્રાફિક પોલીસ અને ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતના સંયુકત ઉપક્રમે આયોજીત "માર્ગ સલામતી કાર્યક્રમ"માં વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમોની માહિતી તથા અકસ્માત અટકાવી શકાય તેના માટે માર્ગદર્શક સૂચનો આપ્યા હતા. ઈન્ચાર્જ આચાર્ય શ્રી બંટી કે. શાહ તેમજ એન.એસ.એસ. કમિટીના સભ્યોના સહકારથી કાર્યક્રમ સફળ રહયો હતો.
- શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૧૨-૧-૧૬ના રોજ વિદ્યાર્થી ભાઈ-બહેનોના લાભાર્થે પ્રિ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ આર.ટી.ઓ. કચેરી અને પોલીસ ડિપાર્ટમેન્ટના સહયોગથી રોડ સેફટી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વલસાડ પોલીસ વિભાગના અધિકારીશ્રીઓ દ્વારા વાહન ચલાવતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો, ડ્રાઈવીંગ લાઈસન્સનું મહત્વ, વાહન અકસ્માત નિવારવાની જુદી જુદી ટેકનીકસ, ટ્રાફીક સીગ્નલ્સ વગેરે મુદ્દાઓ પર માહિતી આપવામાં આવી હતી. પોલીસ અધિકારીશ્રી નીકુંજભાઈ દ્વારા રોડ સેફટી કાર્યક્રમની સફળતાનો મુખ્ય આધાર છે તેની સમજૂતી અપાઈ હતી. આર.ટી.ઓ. કચેરીના અધિકારીશ્રી નિલેશભાઈએ લેકચર તથા ઓડિયો/વિડિયો પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ડેમો પણ બતાવવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. એમ.જી. પટેલે કર્યું. હતું. તદ્પરાંત પુસ્તક પરિચય કાર્યક્રમ હારમાળા અંતર્ગત તા. ૨૩-૧-૧૬ના રોજ શાહ કે.એમ. લો કોલેજના પ્રા. ડૉ. સંજયભાઈ મણિયારે બ્રહ્મવર્ચસ્ લિખિત અને ગાયત્રી તપોભૂમિ, મથુરા પ્રકાશિત પુસ્તક "સફળ જીવનની દિશાધારા"થી પરિચિત કરાવ્યા હતા. લાયબ્રેરી સમિતિના અધ્યક્ષ પ્રા. કે.આર. ભાવસારે ઉપસ્થિત શ્રોતાઓને આવકાર્યા હતા. આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે વકતાને પુસ્તકપુષ્પથી આવકાર્યા બાદ પ્રા. ડૉ. મણિયારે પુસ્તકનો પરિચય કરાવ્યો હતો. આભારવિધિ અને સંચાલન પ્રા. કે.આર. ભાવસારે કર્યું હતું.
- વી.ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં 'ઉદિશા પ્રકલ્પ' અંતર્ગત કારકિર્દી વિકાસ કાર્યક્રમના પ્રથમ સેશનમાં શ્રી મુકેશભાઈ વસાવા (ડેપ્યુટી ડાયરેકટર, દ.ગુજરાત વિભાગીય રોજગાર કચેરી, સુરત) એ વ્યવસાય પ્રત્યે હકારાત્મક વલણ કેળવવા તથા વ્યવસાયના વિવિધ તબકકાઓ (અધ્યયન, નેતાગીરી, વહીવટ અને માર્ગદર્શન)ને વણી લઈને જીવનના અનુભવો ટાંકીને વકતવ્ય રજૂ કર્યું હતું. બીજા સેશનમાં ડૉ. અમૃતલાલ પી. પટેલે (આચાર્યશ્રી, અખંડઆનંદ હાઈસ્કૂલ, વેડ રોડ, સુરત) 'વ્યકિતત્વ વિકાસ' વિષય ઉપર સ્વામી વિવેકાનંદના વિચારો દર્શાવી શિક્ષકના વ્યવસાયને સફળ બનાવવાની ચાવીઓ પોતાના અનુભવમાંથી તારવીને બતાવી હતી.

## સ્પર્ધા

- શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, બી.એડ્. કોલેજ, સુરતના તાલીમાર્થી ગામીત હિરેનકુમાર ભરતભાઈએ તા. ૬-૨-૧૬ના રોજ "ખેલ મહાકુંભ અંતર્ગત" વ્યારા ખાતે યોજાયેલ હેન્ડબોલ રમતમાં સોનગઢ તાલુકામાંથી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં "દ્વિતીય" ક્રમ પ્રાપ્ત કર્યો છે.
- એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં રાષ્ટ્રીય મતદાતા દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓ પાસે મતદાન કરવાની અને કરાવવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. તેમજ "મતદાન જાગૃતિ" વિષય પર સૂત્રલેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં પ્રથમ ક્રમે સરદાર સુરજીતસિંગ એ., દ્વિતીય ક્રમે ખત્રી પાર્થ પી. અને તૃતીય ક્રમે ગાવીત કિશોર બી. રહયા હતા.



- શ્રી જે.બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજ એન્ડ બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) એડીશ્નલ ડિવીઝન સેલ્ફ ફાયનાન્સ્ડ (ફોર વિમેન્સ)ની સર્જનાત્મક અભિવ્યકિત ધારા અંતર્ગત આંતર કોલેજ કાવ્ય પઠન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં યુનિવર્સિટી વિસ્તારની કોલેજોમાંથી સ્પર્ધકો જોડાયા હતા. આ સ્પર્ધાનું સંસ્થાના ટ્રસ્ટી ડૉ. કનુભાઈ માવાણીએ ઉદ્દઘાટન કર્યું હતું અને પ્રસંગોચિત પ્રવચન આપ્યું હતું. આચાર્યશ્રી ડૉ. દિલીપ એલ. વરસાણીએ સ્વાગત પ્રવચન અને સ્પર્ધાનું મહત્વ સમજાવ્યું હતું. નિર્ણાયકશ્રી તરીકે આઈ.પી. સવાણી હાઈસ્કુલના આચાર્યશ્રી મનસુખભાઈ નારીયા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. નીરૂબેન પટેલે કર્યું હતું. સ્પર્ધામાં પ્રથમ ક્રમે એમ.ટી.બી. આર્ટ્સ કોલેજના સોનવણે ચિંતન, દ્વિતીય ક્રમે આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અમરોલીની પારેખ શિવાંગી, તૃતીયક્રમે ખોલવડ કોલેજના ચૌહાણ જસ્મીન વિજેતા થયા હતા. જયારે આશ્વાસન ઈનામ ઓલપાડ કોલેજના ખાતકી ઈરફાન અને શ્રી જે.બી ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજની કળથિયા નયનાને પ્રાપ્ત થયો.



- નવયુગ કોમર્સ કોલેજ, સુરતના એમ.કોમ.ના ભાવિન એન. દેસાઈએ જાન્યુઆરી ૨૦૧૫માં હૈદરાબાદ ખાતે રમાયેલ સીનીયર નેશનલ અને ઈન્ટર સ્ટેટ ટેબલ-ટેનિસ ચેમ્પિનશીપમાં ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ઉપરાંત યુનિવર્સિટીની ટેબલ-ટેનિસ ટીમમાં ભાવિન દેસાઈ પસંદગી પામ્યા છે.
- તા. ૯, ૧૦, ૧૧ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ યુનિવર્સિટી, સુરત ખાતે યોજાયેલ ૪૩માં યુથ ફેસ્ટીવલમાં વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સના મહેતા આત્રેય વિજયભાઈએ શાસ્ત્રીય વાદ્ય સંગીતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે તથા સમુહગીતમાં કોલેજની વિદ્યાર્થિનીઓએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.
- ઝેડ. એફ. વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન.કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ સુરત દ્વારા આયોજિત સ્વ. ગોરધનદાસ ચોખાવાલા આંતર કોલેજ વિજયપદ્મ વકતૃત્વ સ્પર્ધામાં શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડની ટી.વાય.બી.કોમ. ની વિદ્યાર્થિની કુ. પૂનમ પાટીલે "કલાઈમેટ ચેન્જ : કોણ જવાબદાર ?" વિષય પર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના ચોવીસ પ્રતિ સ્પર્ધાઓ વચ્ચે વિચારો રજૂ કરી પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી વિજયપદ્મ વિજેતા અને રૂ. ૧૦૦૧/- રોકડ ઈનામના હકદાર બન્યા હતા.



સિટિઝન કોમર્સ કોલેજ એન્ડ એસ.પી.બી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન એન્ડ ઉધના એકેડેમી કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ આઈ.ટી. સુરતમાં તા. ૨૯ તથા ૩૦ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ રમત-ગમત દિનની ઉજવણી નિમિત્તે શોટ પુટ, ચેસ, ૧૦૦ મીટર દોડ, ક્રોસ કન્ટ્રી રનીંગ, ડાર્ટ, બેડમિન્ટન, વોલિબોલ, દોરડા ખેંચ, ક્રિકેટ, એર રાઈફલ શુટીંગ, ભાલા ફેંક તેમજ ટેબલ ટેનિસ વિગેરે પ્રતિયોગિતાઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૬૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ટી.વાય.બીકોમના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. કોલેજના તમામ કર્મચારીઓએ આ પ્રસંગે સંપૂર્ણ સહકાર આપ્યો હતો.



યુનિવર્સિટીની ઈન્ટર કોલેજ વેઈટ લીફ્ટીંગ (ભાઈઓ) ટૂર્નામેન્ટ ૨૦૧૫-૧૬નું આયોજન નારણલાલા કોલેજ, નવસારી ખાતે થયું હતું. આ સ્પર્ધામાં ૬૨ કિ.ગ્રા. વર્ગમાં સાંગલે નયન-ગોલ્ડ મેડલ, ૬૯ કિ.ગ્રા. વર્ગમાં કાદરી સોહેલ -ગોલ્ડ મેડલ, ૯૪ કિ.ગ્રા. વર્ગમાં સોની પાર્થ-સિલ્વર મેડલ, ૧૦૫ કિ.ગ્રા. વર્ગમાં ભટ્ટી મોહમઅદ-સિલ્વર મેડલ, ૭૭ કિ.ગ્રા. વર્ગમાં મુલતાની મોઈન-બ્રોન્ઝ મેડલ, ૮૫ કિ.ગ્રા. વર્ગમાં-બ્રોન્ઝ મેડલ આમ ૧૮ પોઈન્ટ સાથે ચેમ્પિયનશીપ હાંસલ કરી. તદ્પરાંત યુનિવર્સિટી ઈન્ટર કોલેજ હેન્ડબોલ (બહેનો) ટુર્નામેન્ટનું આયોજન આર્ટસ-કોમર્સ કોલેજ બારડોલી ખાતે થયું હતું. જેમાં સર કે.પી. કોમર્સ કોલેજ, સુરતની ટીમ વિજેતા બની હતી.

બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડની કુ. હની પટેલની ગુજરાતની રણજીટ્રોફી સીનીયર ક્રિકેટ ટીમમાં પસંદગી થઈ હતી. આ ઉપરાંત ગુજરાતની અન્ડર ૧૯ ક્રિકેટ ટીમ તથા ૨૦-૨૦ ક્રિકેટ ટીમમાં હની પટેલની પસંદગી થઈ હતી. હાલમાં તેની પસંદગી યુનિવર્સિટી, સુરતની ક્રિકેટ ટીમમાં પસંદગી થઈ છે. તે મુંબઈ મુકામે યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરે છે.



યુનિવર્સિટીની ઈન્ટર કોલેજ વેઈટ લીફ્ટીંગ (ભાઈઓ) ટૂર્નામેન્ટ ૨૦૧૫-૧૬નું આયોજન નારણલાલા કોલેજ, નવસારી ખાતે થયું હતું. આ સ્પર્ધામાં ૬૨ કિ.ગ્રા. વર્ગમાં સાંગલે નયન-ગોલ્ડ મેડલ, ૬૯ કિ.ગ્રા. વર્ગમાં કાદરી સોહેલ -ગોલ્ડ મેડલ, ૯૪ કિ.ગ્રા. વર્ગમાં સોની પાર્થ-સિલ્વર મેડલ, ૧૦૫ કિ.ગ્રા. વર્ગમાં ભટ્ટી મોહમઅદ-સિલ્વર મેડલ, ૭૭ કિ.ગ્રા. વર્ગમાં મુલતાની મોઈન-બ્રોન્ઝ મેડલ, ૮૫ કિ.ગ્રા. વર્ગમાં-બ્રોન્ઝ મેડલ આમ ૧૮ પોઈન્ટ સાથે ચેમ્પિયનશીપ હાંસલ કરી. તદ્પરાંત



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા યોજાયેલ ૪૩મો ખેલકૂદ મહોત્સવમાં નવયુગ સાયન્સ કોલેજ, સુરતના B.Sc. Sem-2નો વિદ્યાર્થી પટેલ કેવલ અજયભાઈ ફીઝીકલ હેન્ડીકેપ સ્પર્ધામાં ૫૦ મીટર દોડમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ, ગોળા ફેંક સ્પર્ધામાં બીજો ક્રમ પ્રાપ્ત કરી સિલ્વર મેડલ અને લાંબી કુદ સ્પર્ધામાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ એમ કુલ ત્રણ મેડલ મેળવ્યા હતા. આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલ, શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા શ્રી ધર્મેશ પટેલ તેમજ કોલેજ પરિવાર અભિનંદન પાઠવે છે.

**VNSGU**
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. Babulal Ankuya**, Assistant Librarian
**Published by : Dr. J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com